# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર-૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ.પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સારંગપુર-૭, પંચાળા-૩, ૭.

(વિભાગ-૧ 'વચનામૃત' નવમી આવૃત્તિના આધારે)

**પ્ર.૧ નીચે આપેલા સૈધ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ <u>ત્રણ</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. નટના દૃષ્ટાંત પાછળ શ્રીજીમહારાજે કહેલું રહસ્ય. (પંચાળા ૭)**

**જ.** જે નટની માયાને જાણતો હોય તે તો એમ જાણે જે, 'એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.' તેમ ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુકિમણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી; ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, 'હવે એ નાશ થઈ ગયા.' અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, 'અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.' એમ ભગવાનને અખંડ સમજે.

**૨. આત્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાવાળાનાં લક્ષણો. (ગ.પ્ર. ૪૭)**

**જ. આત્મનિષ્ઠા :** જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે, અને પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધસ્વરૂપ અને સદા દિવ્ય સાકારમૂર્તિ સમજે, અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે, અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃતિવાળો હોય. **ભક્તિનિષ્ઠા :** જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દૃઢ પ્રીતિ વર્તે અને તે ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિષે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં, અને પ્રેમે કરીને ભગવાનને વસ્ત્ર-અલંકારનું ધારણ કરે, અને તે ભક્તને ભગવાનનાં જે મનુષ્યચરિત્ર તેના શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે તથા ભગવાનની મૂર્તિના નિરૂપણને કરનારું જે શાસ્ત્ર તેને વિષે અતિશય રુચિ વર્તે, અને જે ભક્તને ભગવાનને વિષે પ્રેમને દેખે તે ભક્તને વિષે જ તેને પ્રીતિ થાય અને તે વિના તો પોતાના પુત્રાદિકને વિષે પણ ક્યારેય પ્રીતિ ન થાય, અને તે ભક્તને ભગવાન સંબંધી ક્રિયાને વિષે જ નિરંતર પ્રવૃત્તિ હોય.

**૩. સર્વ જગતના આધારરૂપ સંત. (ગ.પ્ર. ૨૭)**

**જ.** એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનાર ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે. અને એવી રીતની ક્ષમાવાળા છે તે જ અતિ મોટા છે.

**૪. 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' (ગ.પ્ર.૬૭)**

**જ.** કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં.

**૫. 'હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.' (ગ.પ્ર.૨૦)**

**જ.** જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું ? અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દષ્ટિ કરીને જાય છે, પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દષ્ટિ કરતો નથી. અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

૧ 'આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે તેની વિગત જે પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે.' (ગ.પ્ર. ૨૭) (૧૭)

૨ 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.' (ગ.પ્ર. ૨૪) (૧૬)

૩ અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે, મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દઢ મન કરીને રહેવું.' (સારંગ. ૭) (૨૯)

૪ 'જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે. અને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી, અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી.' (ગ.પ્ર. ૩૭) (૧૯)

૫ 'જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે; તે અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.' (ગ.પ્ર. ૨૧) (૧૧)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**૧. ભક્તિ : (૧) (ગ.પ્ર. ૨૭)** 'જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થિએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થિ છે, કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.' **(૨) (પંચાળા ૩)** 'તેમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો, શત્રુભાવ જ રાખવો. અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન-સ્પર્શનાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રિઆદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય.' **(૩) (પંચાળા-૭)** 'ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.' **૨. ભગવાનનું માહાત્મ્ય : (૧) (ગ.પ્ર. ૧૮)** 'અને જો કોઈ અમારો વાદ લેશો તો તેનું તો જરૂર ભૂંડું થાશે, કાં જે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું.' **(૨) (ગ.પ્ર. ૪૪)** 'અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે અને એવો સાધુ તો હું છું જે 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.' **(૩) (ગ.પ્ર. ૨૪)** 'તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.' **(૪) (પંચાળા-૭)** 'ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.' **(૫) (ગ.પ્ર. ૭૧)** 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'

## (વિભાગઃ ૨ 'સ્વામીની વાતો' ના આધારે)

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર છે.**

૧. સત્સંગ થયો ક્યારે જાણવો ? (૧)

**જ.** એક એક સાધુ વાંસે લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો જાણવો.

૨. શ્રીજીમહારાજે પર્વતભાઈ અને ગોરધનભાઈને ખરેખરા સત્સંગી કેમ કહ્યા ? (૯)

**જ.** પર્વતભાઈ અને ગોરધનભાઈ ત્રણેય અવસ્થામાં મહારાજને નિરંતર દેખે છે તેથી ખરેખરા સત્સંગી કહ્યા.

૩. હૃદયમાં ટાઢું ક્યારે રહે ? (૨૦)

**જ.** જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે હૃદયમા ટાઢું રહે.

૪. કોને વળગે તો શ્રીજીમહારાજનું સુખ આવે ? (૨૦)

**જ.** મોટા એકાંતિક સાધુને વળગે ત્યારે મહારાજનું સુખ આવે.

૫. શેના વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં છે ? (૨૮)

**જ.** મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં છે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. મુક્તાનંદ સ્વામીની મોટપ **ભગવાનના સાક્ષાત્કાર સંબંધ** ને લઈને છે. (૩)

૨. ખરેખરું જ્ઞાન થાય તો **માયા** ના પેચમાં આવે નહિ. (૨૭)

૩. **ભજન** કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે અને મોટાસાધુ રાજી થાય. (૩૨)

૪. ભગવાનને નિરાકાર કહેનારા કળિયુગમાં **સો** વર્ષ સુધી દુઃખને ભોગવશે. (૧૬)

૫. મહારાજ ને **મોટા સાધુ** રાજી છે તો સર્વે રાજી થઈ રહ્યા છે. (૧૭)

**પ્ર.૬ અભ્યાસક્રમની ‘સ્વામીની વાતો’ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશયકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૩. શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ | ૨ ગુણ |
| ૫. નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. મનુષ્યભાવ - દિવ્યભાવ :** (૧) જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે ને જેવાં તેમનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે. તેને જાણતા નથી, જેમ માછલું ને મચ્છ પોતે પોતા જેવા જાણે છે; તેમ જે મનુષ્ય છે તે પોતા જેવા જાણે છે, પણ જેવા છે તેવા જાણતા નથી.’ એમ કહીને શ્લોક બોલાવ્યો જે, **અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ । પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥** એવા જે મૂર્ખ છે ને મૂઢમતિ જીવ છે તે મનુષ્ય જેવા જાણે છે, પણ અનંત કોટિ જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે, એમ તેને જાણતા નથી, એ અજ્ઞાન છે. **(૩/૨૯)** (૨) શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી હોય તેથી મહારાજના ચરિત્ર દીઠાં-સાંભળ્યાં હોય તોય કહેતાં-લખતાં અટકે છે. **(૩/૧૯)**

**૨. વાદી, ફૂલવાદી, ગારડીનું દૃષ્ટાંત :** વાદી, ફૂલવાદી ને ગારડી; તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે; ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે; ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. **(૩/૫)**

૩. **બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી : (૧)** બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.' તે ઉપર વરતાલનું અગિયારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવો થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે.' (૩/૧૨) (૨) અને સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. (૩/૧૩) (૩) બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો તે પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે. (૩/૧૩) (૪) શુકદેવજી પરીક્ષિતને કહે છે : 'જો કે હું નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરું છું છતાં હે રાજર્ષિ! ઉત્તમ કીર્તિવાળા શ્રી ભગવાનની લીલા વડે મારું મન આકર્ષાય છે અને તેથી જ ભાગવત આખ્યાન હું ભણ્યો છું. (૩/૧૩) (૫) સૂત પુરાણી શૌનકને કહે છે : ''મુનિઓ જો કે આત્મામાં જ આનંદ પામનારા હોય છે અને એમની અહંકારરૂપ ગાંઠ છૂટી ગઈ હોય છે; છતાં તેઓ ભગવાન વિષે નિષ્કામ ભક્તિ તો કરે જ છે; કેમ કે શ્રીહરિ તેવા અલૌકિક ગુણોથી યુક્ત છે. (૩/૧૩)

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ જૂન ૨૦૦૮ના આધારે)**

**નોંધ : (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**

**(૨) નીચે આપેલાં પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા તે સિવાયના માન્ય ન ગણવા.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ભગતજીની સાધનાનું કેન્દ્ર બિંદુ - સત્પુરુષ.**

| | | |
|---|---|---|
| ૧. | સ્વામીશ્રીની અનુવૃત્તિ જાણી લોક, લાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી સ્વામીશ્રીની પાસે જ રહેવાનો ઠરાવ. | ૩૧-૩૨ |
| ૨. | હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વાઘા તૈયાર કરી હરિભક્તોને બતાવી રૂા. ૧૦૦૦ની સેવા સ્વામીશ્રીને ચરણે ધરી. | ૪૧ |
| ૩. | ચંદની સિવી આપી | ૪૪ |
| ૪. | ભગતજીએ રૂા. ૬૦,૦૦૦ નો ત્યાગ કરી માગેલા ત્રણ વરદાન. | ૪૫,૪૬ |
| ૫. | હવેલીના કામમાં જોડાઈ ગયા. | ૪૭ |
| ૬. | અનુવૃત્તિ એ જ ભક્તિ. બસો પાવડા, પાંચસો ટોપલા ભેગા કરવાની આજ્ઞા અદ્ધર ઝીલી. | ૫૦ |
| ૭. | ગિરનારને બોલાવવા ગયા. | ૫૧ |
| ૮. | ભેખનું તો ભાંગી પડ્યું અને પ્રાગજીનું તો ચાલતું રહ્યું. ચુનાની ભઠ્ઠી કાઢતાં સાધુઓ જતાં રહ્યા ત્યારે. | ૫૨ |
| ૯. | સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ વરસાદ થતાં બે ચાદર સાંધી ચોફાળ બનાવી સ્વામીને અંદર બેસાડ્યા. | ૫૫ |
| ૧૦. | છ માસ સુધી સર્વનાં વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વે ક્રિયા કરી. | ૫૬ |
| ૧૧. | ફાળિયું ફાડી મશાલે વીંટીને દીવો કરી અજવાળું કર્યું. | ૫૭ |
| ૧૨. | સ્વામીની ક્રિયા પોતે સંભાળી લીધી, સ્વામીને નિરાંત કથાવાર્તા કરવાની અનુકૂળતા કરી આપી. | ૫૭-૫૮ |
| ૧૩. | મરેલું કૂતરું ખસેડ્યું - એઠવાડની કૂંડીમાં સ્નાન - અડસઠ તીર્થ | ૫૯-૬૦ |
| ૧૪. | 'ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ? સ્વામીની ટકોરથી વૃત્તિ ભગવાનની મૂર્તિમાં જોડી દીધી. | ૬૪ |
| ૧૫. | ૩૦૦ આંબાને પાણી પાયું. | ૬૬ |
| ૧૬. | સ્વામીશ્રીની આજ્ઞાથી અક્ષરના ઉદ્‌ઘોષની વાતો કરવાની શરૂઆત - તેના માટે વેઠેલા અપમાનોના પ્રસંગો. | ૭૦૧ |

**૨. વિરોધી સાથેના વ્યવહારમાં ઊભરતી ભગતજીની સાધુતા.**

૧. બાર-બાર મણ ચૂનાના કોથળા, તેમના પર ફેંકે છતાં સ્વામીની મૂર્તિ ધારી કાર્ય ચાલુ - શત્રુભાવે કે મિત્રભાવે કોઈ આવે તે દરેકને સ્વામી સ્વરૂપે જ દેખે. ૪૮
૨. ગિરનારને બોલાવવા ગયા - બીજા દ્વારા મહેણાં-ટોણાં સહન કર્યા. રાજા અને તેના ચાકરનું દૃષ્ટાંત. ૫૧-૫૨
૪. મરેલું કૂતરું ખસેડ્યું. (પ્રાગજી તો ગોબરો છે. એણે મરેલું કૂતરું ઉપાડ્યું.) ૫૮
૫. પ્ર. ૭૧ પ્રમાણે સ્વામી અક્ષર છે તેવું નિરૂપણ. પવિત્રાનંદ સ્વામી દ્વારા વિમુખ કરવાની ધમકી અપમાન. સહજાનંદ સ્વામીનો કર્યો પણ વિમુખ નહિ થાઉં. ૧૦૪
૬. નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ? (મુક્તાનંદ સ્વામીના કીર્તન અને વચનામૃતના આધારે માન ગઢવીને. ૧૦૭
૭. કમા શેઠે ધોલ મારી તે પણ સહન કરી લીધી. (પ્રાગજી જેવા તો વર્તમાન કાળે એ એક જ છે.) ૧૧૪, ૧૧૫
૮. ઝેરવાળા લાડુ બનાવીને આપ્યા - ઝેરની આકરી અસર - તે સહન કરી લીધી. ૧૩૦
૯. વિમુખ કર્યા છતાં સીધું તૈયાર રાખ્યું - ત્યારે પવિત્રાનંદ સ્વામીના ઉદ્‌ગાર એના લોટ, દાળ કાંઈ ઓછાં વિમુખ છે ? ૧૩૮
૧૦. મને તમારા સમાગમ વગર ગમતું નથી. - પવિત્રાનંદ સ્વામીને વિનંતી ૧૩૯
૧૧. અમદાવાદ મંદિરની બહાર બેસીને સ્વામીના દર્શન પ્રાગજી ભક્ત કરે. આમ, અનેકવિધ અપમાનો સહીને પ્રાગજી ભક્તે પોતાની સ્થિતપ્રજ્ઞતાનાં દર્શન કરાવ્યાં. ૧૪૬
૧૨. લાધા ભગતની ઉપાધિ (લાધાની પ્રવૃત્તિની વાતો કરી હરિભક્તોના હૃદયમાંથી લાધાનો ભાર કાઢી નાખ્યો.) ૧૭૩થી૧૭૪
૧૩. આણંદમાં અપમાનિત થયેલા પવિત્રાનંદ સ્વામીને પમાડેલી શાંતિ. ૧૭૬
૧૪. કોઠારી બેચર ભગતને કોઠારમાંથી છૂટા કર્યા. (કોઠારી બેચર ભગતને ઠપકો આપી મંગાવેલી માફી.) ૧૮૮,૧૮૯
૧૫. ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ હું એને આપીશ. ૧૯૭
૧૬. ડભાણનું બંડ (હું તો ફક્ત સત્સંગી જ છું અને સત્સંગી જ રહેવાનો છું.) ૨૦૨,૨૦૩
૧૭. નડિયાદ જવાની આજ્ઞા, ડભાણની ઉપાધિની સમાપ્તિ. ૨૧૩
૧૮. એના હૃદયમાં ભગવાન નથી ? (ભંગી બાઈને આકરાં વચન બોલનાર ગોકુળ બારોટને આપેલો ઠપકો.) ૨૧૫
૧૯. ધાર્યું તો એક સ્વામિનારાયણનું જ થાય છે. (વિરોધીઓના કારણે પેટલાદથી ભગતજી પાછા બોલાવવા આવનારને ભગતજીનો જવાબ) ૨૨૫
૨૦. મહુડે મહુડે અને થોરીએ થોરીએ પ્રાગજી ભક્તનું ભજન થાય છે. (મોંઢામાં તરણું લઈને સૌને પગે લાગી માફી માગો) ૨૩૩થી૨૩૬
૨૧. બબ્બે સાધુ વારાફરતી મંદિરમાં આવે. ભગતજી એમને કથાવાર્તા કરી આનંદ આપે. (બહાર કાઢેલા સાધુઓ મહુવા ગયા ત્યારે) ૨૪૫
૨૨. જો પ્રાગજી ભક્ત આવશે, તો અમો કોઈ નહિ આવીએ. (મહારાજ તથા સાધુઓની મરજી સિવાય અમારાથી અવાય નહિ.) ૪૨૧
૨૩. હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજું છું. (માના ભગતે બાબુલા જેવા શિષ્યોમાં બંધાશો નહિ તેવું કહ્યું ત્યારે.) ૪૫૨

**૩. પેટલાદમાં મુસ્લિમ જમાદારને ભગતજીએ કરેલો જ્ઞાનોપદેશ.**

૧. કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની વાતો. ૨૨૬
૨. શરિયત, તરીકત, હકીકત અને મારફત - ચાર પ્રકારના પુરુષ અને તેના લક્ષણ. ૨૨૭
૩. જૂતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું. ૨૨૮

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નોમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ભગતજીએ માંગેલાં વરદાનો.**

૧. ફૂલદોલના સમૈયે આચાર્ય રઘુવીરજી મહારાજ જૂનાગઢમાં. ૪૪
૨. ભગતજીને સભામંડપમાં શોભે તેવી મોટી ચંદની તૈયાર કરવાની સ્વામીશ્રીની આજ્ઞા. ૪૪

૩. 'જેવું સીવવામાં તાન છે, તેવું મહારાજની મૂર્તિમાં હોય તો કાંઈ બાકી ન રહે.' - સ્વામીશ્રી. ૪૫
૪. સ્વામીશ્રીએ રાજી થઈ વરદાન માંગવા કહ્યું - ભગતજીએ માંગેલા ત્રણ વરદાન. ૪૫-૪૬
૫. રાજી થઈ સ્વામીશ્રીએ આપેલા કોલ. ૪૬-૪૭

**૨. ગોપાળાનંદ સ્વામીના યોગમાં ભગતજી.**

૧. આને અને અમારે પૂર્વની ઓળખાણ છે - ગોપાળાનંદ સ્વામીના યોગમાં. ૧૪-૧૫
૨. અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ? - પ્રાગજી તારું લગ્ન થયું છે ? ૧૬-૧૭
૩. પ્રેમમાં જ્ઞાનની જરૂર - પ્રાગજી ! તું જૂનાગઢ જજે. ૧૮-૧૯
૪. અક્ષરધામ સામે દૃષ્ટિ. ૧૯

**૩. શાસ્ત્રીજી મહારાજે મહુવામાં ભગતજી મહારાજની એકાંતિક સ્થિતિનું કરેલું નિરૂપણ.**

૧. મહુવા મંદિરમાં સભા પ્રસંગે સર્વે હરિભક્તો વતી ફૂલચંદભાઈનો બેચર ભગતને પ્રશ્ન. **તમે આ પ્રાગજી ભગતને કેવા સમજો છો ? અને તેમાં શું દીઠું છે ?** તે અમને કહો. ૨૪૮
૨. નારાયણચરણદાસે આપેલો જવાબ. ગ. પ્ર. ૨૭ માં આપેલા સત્પુરુષના લક્ષણવાળા ભગતજીને અમે જાણીએ છીએ. ૨૪૮
૩. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ગ. પ્ર. ૨૭ ના વચનામૃતમાં શું કહ્યું છે તે સમજાવો. ૨૪૯
૪. ભગતજીની આજ્ઞા નાના સાધુ યજ્ઞપુરુષદાસ એ બધાનું કપટ જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો. ૨૪૯
૫. ગ. પ્ર. ૨૭માં જણાવેલા લક્ષણ : (૧) પ્રત્યક્ષ ભગવાનને સર્વોપરી, કર્તા, સાકાર અને પ્રગટ જાણીને સર્વે પ્રકારે તેમાં જોડાઈ જાય. **પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા.** ૨૪૯
૬. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ અને સમર્થ થકા ઝરણાં કરવાં. તે સર્વે લક્ષણ પ્રાગજી ભગતમાં છે. ૨૪૯-૨૫૦
(૧) ધર્મ :- ભગતજી દેવાંગના જેવી સ્ત્રીઓના કપડાં સીવે છતાં વિકારને પામ્યા નથી. ૨૫૦
(૨) જ્ઞાન :- આખો સત્સંગ કહે છે જ્ઞાનની દૃઢતાથી અપમાન લેશમાત્ર જણાતું નથી. ૨૫૦
(૩) વૈરાગ્ય :- આચાર્ય મહારાજ આજ્ઞા આપતાં તરત જ નીકળી જાય છે. ઘરમાં મહેમાનની પેઠે રહે છે. ૨૫૦
(૪) નિશ્ચય :- શ્રીજીમહારાજમાં ભગતજીને નિશ્ચય છે કે નહિ. સાબિત કરવાનું વિઠ્ઠલભાઈ પર નાખ્યું. ૨૫૧
(૫) વિઠ્ઠલભાઈએ ભગતજીના નિશ્ચયનું કરેલું નિરૂપણ. ૨૫૧
૭. રઘુવીરચરણદાસની શંકા અને સ્વામી યજ્ઞપુરુષદાસે કરેલું સમાધાન. ૨૫૧
૮. વિઠ્ઠલભાઈનો સ્વામીને પ્રશ્ન - ભગતજીને મોટા જાણો છો તો વરતાલ શા માટે જાઓ છો ? - સ્વામીનું સમાધાન. ૨૫૧-૨૫૨
૯. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન - ભગતજી સમ ખાય છે તે સાચો કે તે પંડે કહે છે કે જમે આવીને મને માર્યો તેનું કેમ સમજવું. ૨૫૨
૧૦. સ્વામીનો જવાબ : દંભી ને કપટી નથી. ચરિત્રો મોહ પમાડે છે. ૨૫૨
૧૧. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ભગતજી મોટા અને સમદૃષ્ટિવાળાં હોવા છતાં તમારાં મન સત્સંગમાંથી નોખાં કેમ પડે છે ? સ્વામીએ આપેલાં કારણો. ૨૫૨-૨૫૩
૧૨. વિઠ્ઠલભાઈએ કરેલી પોતાના અનુભવની વાતો : સિદ્ધાનંદ સ્વામીની. ૨૫૩
૧૩. ગઢડાના સાધુને આટલી વાત સાંભળ્યા છતાં અસંતોષ. ૨૫૩
૧૪. સ્વામીનો જવાબ : ગ.અં.૨૧. સોનાના દોરા પ્રમાણેનું ભગતજીનું જીવન. વિઠ્ઠલભાઈએ પૂરેલી સાખ. ૨૫૩,૨૫૪
૧૫. રઘુવીરચરણદાસની શંકા 'વાંક વગર કોઈનું અપમાન સત્સંગમાં થાય નહિ.' ૨૫૪
૧૬. સ્વામીશ્રીનો જવાબ (૧) ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા, પાણીના ઘડામાં ઝેર નાખ્યું. (૨) વચના. અં. ૧૧ જાનકીજીની સમજણની વાત. (૩) અં. ૧૪ : 'વાંક વિના પણ ..... તો સુખ જ વર્તે છે.' ૨૫૪, ૨૫૫

**૪. આચાર્ય વિહારીલાલજી મહારાજને ભગતજીમહારાજનો મહિમા.**

૧. ભગતજીને પૂંઠ કેમ દેવાય ? (ચકુભાઈની વાત સાંભળી વિહારીલાલજી મહારાજને ભગતજીનો વિશેષ મહિમા સમજાયો) ૧૮૭

૨. ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ. (ભગતજીનો દિવ્યભાવ જોઈ અધિકારની સત્તા છોડી દીનભાવે પ્રાર્થના) ૧૯૮

૩. ભવિષ્યમાં ત્રણ શિખરનું મંદિર હું ડભાણમાં દેખું છું. (ભગતજીનું ભવિષ્યકથન સાંભળી આચાર્ય મહારાજ ડભાણનું બંડ દબાવી દેવા ભગતજીને નડિયાદ જવા કહ્યું.) ૨૦૨-૨૦૩

૪. સંવત ૧૯૪૪ની સાલમાં નડિયાદના ગામોમાં બંડ દબાવી શાંતિ સ્થાપવા આચાર્ય મહારાજે ભગતજીને મોકલ્યા. ૨૦૬

૫. ડભાણની ઉપાધિની સમાપ્તિથી રાજી થયેલા આચાર્ય મહારાજ. ૨૧૩

૬. શાંતિ સ્થાપવા થોડા વધુ દિવસ નડિયાદ રહેવા ભગતજીને મોકલ્યા. ૨૧૫

૭. મારે તો ભગતજીનું જ્ઞાન એમનું એમ એમની સાથે જતું ન રહે એ ફિકર છે - આચાર્ય મહારાજે યજ્ઞપુરુષદાસને કહ્યું. ૨૯૩

૮. ‘આવો વેશ તમે કોઈ દિવસ ધાર્યો નહોતો અને આવું રૂપ પણ નહોતું. આ તો અલૌકિક છે અને બહુ જ સારું કર્યું. મહુવામાં આચાર્ય મહારાજના સ્વાગત સમયે. ૨૯૮

૯. ‘ભગતજીને દંડવત્ કરો’ કોઠારી પ્રભુદાસને આચાર્ય મહારાજે કરેલી આજ્ઞા - દેસાઈ પાસે ભગતજીની પૂજા કરાવી. ૨૯૯

૧૦. ‘બોલશો મા ! હું વાતો કરાવું છું.’ કુંજવિહારીદાસ સાધુની ફરિયાદનો આચાર્ય મહારાજે આપેલો જવાબ. ૨૯૯

૧૧. મહારાજની કેવી મરજી છે તે અંતર્વૃત્તિ કરીને જુઓ - કાંઈક વિક્ષેપ થશે તેવું જણાતાં આચાર્ય મહારાજે ભગતજીને કરેલો પ્રશ્ન. ૩૦૭

૧૨. સંવત ૧૯૫૦માં આચાર્ય વિહારીલાલજી મહારાજ તથા કોઠારી ગોવર્ધનભાઈના પ્રયત્નથી ભગતજી સામેનો સાધુઓનો વિરોધ ઊડી ગયો. ૩૧૫

૧૩. મહારાજ ભગતજીને ફેંટો બંધાવે છે. ૩૬૦

૧૪. સર્વત્ર વિષાદની છાયા. (સૌને ભગતજીનો સમાગમ કરવા જવાની બંધી કરવાની વાત આચાર્ય મહારાજને કરી ત્યારે વિહારીલાલજી મહારાજે સૌને ચૂપ કરી દીધા. ૪૨૩

૧૫. ‘મારે પણ એ સુખ લેવા વિચાર છે’ - આચાર્ય મહારાજ. ૪૩૭

૧૬. અપરાધ થયો હોય તો ક્ષમા કરશો અને જેમ શ્રીજીમહારાજ રાજી થાય એવી દૃષ્ટિ રાખશો - આચાર્ય મહારાજે ભગતજીની કરેલી સ્તુતિ. ૪૪૦

૧૭. હવે જે કહેવું હોય તે કહો. (બ્રહ્મરૂપ નહિ થવાય ત્યાં સુધી ભગવાનની મૂર્તિનું સુખ નહિ આવે.) ૪૪૯


❑ ❑ ❑